# અ ધ્યા ય - ૬

## સાત્વિક અભિનય

પ્રકરણ (૧) સાત્વિક અભિનયની પરિભાષા અને પ્રભેદો.

(૨) સાત્વિક ભાવો

(૩) સત્વજ અલંકારો

(૪) સાત્વિક અભિનય અને સંસ્કૃત નાટ્યસાહિત્ય

પ્રકરણ (૧)

સાત્વિક અભિનયની પરિભાષા અને પ્રભેદો

સત્વ અર્થાત્ મન વડે પાત્ર સાથે એકતા સાધી, મનથી 'હું પાત્ર છું' એવું અનુસંધાન કરી, અભિનેય નાટ્યાર્થને પ્રેક્ષકો સુધી પહોંચાડવો તે સાત્વિક અભિનય.

નાટ્યશાસ્ત્રના 'ભાવ' સંબંધી સાતમા અધ્યાયમાં તથા 'સામાન્ય અધ્યાય' સંબંધી ૨૪ માં અધ્યાયમાં ભરતમુનિએ સત્વનું તથા સાત્વિક અભિનયનું સ્વરુપ નિરુપ્યું છે.

સાતમાં અધ્યાયમાં સત્વનું સ્વરુપ નિરુપતાં ભરતમુનિ કહે છે કે -

સત્વં નામ મનઃ પ્રભવમ્ । તચ્ચ સમાહિતમનસ્ત્વાદુચ્યતે ।
મનસઃ સમાધૌ સત્વનિષ્પત્તિર્ભવતિ ।

સત્વ મનના આત્યંતિક સંબંધથી ઉદ્ભવે છે. મનની સમાહિતી અથવા તલ્લીનતાને સત્વ કહે છે. મનની સમાધિ-તલ્લીનતાથી સત્વની નિષ્પત્તિ થાય છે.

ચોવીસમાં અધ્યાયમાં સત્વનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ કહે છે કે -

અવ્યક્તરુપં સત્વં હિ વિજ્ઞેયં ભાવસંશ્રયમ્ ।
યથા સ્થાનરસોપેતં રોમાંચાસ્ત્રાદિભિર્ગુણૈ: ॥

(અધ્યાય ૨૪ / શ્લોક ૩ )

સત્વ અદૃશ્યરુપવાળું હોય છે. પણ રસ તથા ભાવોને તે ઉચિત રુપમાં રોમાંચ, અશ્રુ, વિગેરે ધ્વારા ભાવાશ્રિત થઇ અભિવ્યક્ત પણ કરે છે.

મનની સમાધિ ધ્વારા ઉત્પન્ન 'સત્વ' અદૃશ્યરુપ હોય છે. તે રોમાંચ, અશ્રુ વિગેરે દૈહિક વિક્રિયાઓ ધ્વારા દૃશ્યમાન બની ભાવને વ્યક્ત કરે છે. સાતમાં અધ્યાયમાં ભરતમુનિ તેને રોમાંચ, અશ્રુ, વૈવર્ણ્ય વિગેરે લક્ષણોવાળા સ્વભાવથી યુક્ત કહે છે. નટે મન ધ્વારા દુ:ખી થઇ અશ્રુનો તથા મન ધ્વારા સુખી થઇ રોમાંચનો અભિનય કરવાનું ભરતમુનિ જણાવે છે.

આમ ભરતમુનિ મનથી પાત્રનો અનુભવ કરવાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. આધુનિક રંગમંચ ઉપર Feeling the character ની જે વિભાવના પ્રચલિત બની છે તેનો અણસાર ભરતમુનિની અભિનય વિચારણામાં પણ જોવા મળે છે.' ભૂમિકા વિકલ્પ' અધ્યાયમાં

નો ભરતમુનિએ સ્પષ્ટપણે મનથી હું પાત્ર છું તેવું અનુસંધાન સાધવાનો આગ્રહ રાખ્યો છે.

યથા જન્તુ: સ્વભાવં હિ પરિત્યજ્યાન્યદૈહિકમ્ ।
પરભાવં પ્રકુરુતે પરદેહં સમાશ્રિત: ॥
એવં બુધ: પરં ભાવં સો અસ્મીતિ મનસા સ્મરન્ ।
વેષવાગંગ લીલાભિશ્ચેષ્ટાભિશ્ચ સમાચરેત્ ॥
(અધ્યાય ૩૫ / શ્લોક ૨૬-૨૭)

જેવી રીતે જન્તુ એક દેહનો ત્યાગ કરી બીજા દેહમાં પ્રવેશ કરે છે ત્યારે પહેલા દેહનો 'સ્વભાવ' ત્યાગી બીજા દેહનો (સ્વ) ભાવ ધારણ કરે છે તેમ બુધ્ધિમાન નટ મનથી 'હું આ પાત્ર છું' એવું સ્મરણ રાખી પાત્રનો ભાવ ધારણ કરે છે અને તદાનુસાર વેષ, વાક્ તથા અંગલીલા વિગેરે ચેષ્ટા દાખવે છે.

આજ અધ્યાયમાં તેઓ નટને ઈંગિત, આકાર અને ચેષ્ટાનું જ્ઞાન હોવું જોઈએ તેમજ જુદી જુદી માનવ-પ્રકૃતિના શીલનો પરિચય હોવો જોઈએ તેવું વિધાન કરે છે. ભાવપ્રકાશનકારે નટમાં તાદાત્મ્ય શકિત અનિવાર્ય માની છે કારણ કે અન્યના વ્યવહારનું સ્વભાવવત્ નાટન કરે તે નટ કહેવાય છે. આ તાદાત્મ્ય એટલે entering into the spirit of the Character. 'નાટ્યદર્પણ'કારે પણ એકાગ્ર મનને સત્વની સંજ્ઞા આપી છે. મનની સ્થિરતા ન હોય તો નટ સ્વરભેદ વિગેરે અનુભાવોનું પ્રદર્શન કરી શકતો નથી.

આધુનિક રંગમંચ ઉપર પ્રચલિત 'મનની એકાગ્રતા' સંજ્ઞા ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં 'સત્વ' રુપે પ્રયોજાઇ છે એમ કહી શકાય. આવા સત્વથી યુકત સાત્વિક અભિનયને ભરતમુનિએ સર્વશ્રેષ્ઠ અભિનય કહયો છે. આંગિક, વાચિક તથા આહાર્ય - આ ત્રણેય પ્રકારના અભિનયો સત્વથી યુકત હોવા જરુરી છે. મનથી પાત્રનો ભાવ અનુભવ્યા વિના, મનથી પાત્ર સાથે તાદાત્મ્ય અનુભવ્યા વિના કરવામાં આવેલો આંગિક તથા વાચિક અભિનય હીનરુપ હોવાનું ભરતમુનિએ સ્પષ્ટપણે ૨૪ માં અધ્યાયમાં જણાવ્યું છે.

સત્વાતિરિકતો અભિનયો જયેષ્ઠ ઇત્યભિધીયતે ।
સમસત્વો ભવેન્મધ્ય: સત્વહીનો અધમ: સ્મૃત: ॥
(અધ્યાય ૨૪ / શ્લોક-૨)

જે અભિનયમાં સત્વનો અતિશય સમાવેશ થયો હોય તો તે જ્યેષ્ઠ અથવા ઉત્તમ્, સમાન માત્રામાં થયો હોય તો તે મધ્યમ અને સત્વ રહિત હોય તે અધમ પ્રકારનો અભિનવ સમજવો જોઇએ.

અભિનયોમાં સાત્વિક અભિનયનુંજ પ્રાધાન્ય હોય છે કારણ કે તે ઉત્તમ કોટિનો હોય છે. સત્વ અથવા અન્તર્મનનું પ્રવર્તન વાણી તેમજ વિવિધ આંગિક ચેષ્ટાઓ દ્વારા થાય છે. સાત્વિક ભાવોના પ્રકાશનનું માધ્યમ છે દેહ. તેમાં અવ્યવક્ત રહેનારા માનસિક ભાવ, રોમાંચ, અશ્રુ વિગેરેના યથોચિત રસાનુરૂપ પ્રસ્તુતીકરણથી અભિવ્યક્ત થાય છે અને નાટ્યપ્રયોગ રસમય બને છે. એટલે સત્વ અથવા આન્તર 'મનોભાવ'ના યોગ્ય પ્રદર્શનમાં અન્ય અભિનયોની સરખામણીમાં નટે વધારે પ્રયત્ન કરવો પડે છે. આ 'પ્રયત્નાધિક્ય'ને કારણે સાત્વિક અભિનયને ઉત્તમ અથવા જ્યેષ્ઠ માનવામાં આવ્યો છે. એટલે નાટ્યપ્રયોગની ઉત્તમતા સાત્વિક અભિનયના આધિક્ય પર આધારિત છે એવું અભિનવગુપ્ત ઉપરોક્ત શ્લોકની ટીકામાં જણાવે છે.

આધુનિક આચાર્યોએ પણ 'સત્વ'ની મીમાંસા કરી છે. ડો.વી.રાઘવનના કથન અનુસાર -

Sattva means the mental capacity of the actor to identify himself with the character and his feelings. Relying upon such identification alone the actor can show the emotional reactions of various Sattvika Bhavas. One who is not truly or deeply in sorrow cannot shed tears, one who does not feel excitement or fear does not perspire. It is because of this special quality of these eight manifestations that they are seperately dealt with"

(Sanskrit Drama in Performance Page - 36 )

શ્રી શાંતા ગાંધી સાત્વિક અભિનયના સંદર્ભમાં જણાવે છે કે -

" This type of acting depends on the actor's understanding of the play, the depth of his perception and sensitive awareness, if not experience, of the emotional complexities inherent in human life."

(એજન પૃ.૧૨૦)

આમ સાત્વિક અભિનય આધુનીક અભિનય વિચારણાની સૌથી વધારે સામ્ય ધરાવે છે જેમાં મનથી 'હું અમુક અમુક પાત્ર છું.' એવું સતત સ્મરણ રાખી પાત્રની આંતરિક પ્રકૃતિ, મનોભાવો, મનોવેગો, લાગણીઓ, નટ, પોતાના શરીરના માધ્યમથી પ્રગટ કરે છે. અભિનયનો મુખ્ય ઉદ્દેશ્ય આંતિરિક ચિત્તવૃત્તિને અન્ય અભિનયો દ્વારા સાક્ષાત્કાર-સદૃશ રજુ કરવાનો છે. જો અન્ય અભિનયો દ્વારા આંતરિક વૃત્તિ પ્રગટ ન થાય અથવા અત્યંત અલ્પ માત્રામાં થાય તો અભિનયનો ઉદ્દેશ્ય પાર પડતો નથી. ભરતમુનિ તેમજ અભિનવગુપ્તની દૃષ્ટિએ અભિનયની ઉત્તમતાનો આધાર છે અન્ય અભિનયોની સરખામણીમાં સાત્વિક અભિનયનો સૌથી વધુ પ્રયોગ. આંગિક અને વાચિક અભિનય એવી સ્થિતિમાં ગૌણ બની જાય છે. તે તો સાત્વિક ભાવો તેમજ આંતરિક મનોદશાની રજુઆતનું માધ્યમ માત્ર બની રહે છે, પ્રધાનતા સાત્વિક અભિનયનીજ રહે છે.

સાત્વિક અભિનય અંતર્ગત'સાતમાં અધ્યાયમાં નિરુપિત' સાત્વિક ભાવો તથા 'સામાન્ય અભિનય'માં નિરુપિત નાયક-નાયિકાના સત્વજ અલંકારોનો સમાવેશ કરી શકાય. શ્રી આધ રંગાચાર્યના મતે સમગ્ર સામાન્ય અભિનય 'સાત્વિક અભિનય' જ છે. પણ સામાન્ય અભિનય અંતર્ગત ભરતમુનિએ મુખ્યત્વે નાયક અને નાયિકાભેદ તથા નાયક-નાયિકા વ્યવહારનું વિશ્લેષણ કર્યું છે. એટલે તેનો સમાવેશ 'પાત્ર વિધાન' અંતર્ગત કરી શકાય. સામાન્ય અભિનયને ભરતમુનિએ વાક્, અંગ તથા સત્વનો સમન્વિત પ્રયોગ કહયો છે. તેમાં આહાર્યનો સમાવેશ નથી એટલે શ્રી પ્રમોદ કાલે તેને આજે જેને આપણે acting કહીએ છીએ તેનો

સમકક્ષ માને છે. આંગિક, વાચિક અભિનય તથા સાત્વિક ભાવોના નિરુપણમાં નાટ્યધર્મીના ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. જ્યારે 'સામાન્ય અભિનય'માં સત્વને પ્રાધાન્ય આપી 'લોકધર્મીતાનો વિશેષ આગ્રહ રાખવામાં આવ્યો છે. સામાન્ય-અભિનય એ 'natural' પ્રકારનો અભિનય છે જ્યારે આંગિક, વાચિક તથા સાત્વિકનું પૃથક્પણે થયેલું વિવેચન theatrical છે એવો શ્રી કાલિનો અભિપ્રાય છે. ( The Theatric Universe P. 137)

સાત્વિક અભિનયમાં, મનની સમાહિતિ-સમાધિ ધ્વારા પાત્રગત ભાવ અનુભવી, પાત્રના મનોભાવો તથા લાગણીઓને, નટ, પોતાના શરીર ધ્વારા પ્રગટ કરે છે. એટલે ભરતમુનિએ 'દેહાત્મક ભવેત્ સત્વં' એવું પણ વિધાન કર્યું છે. આંતરિક ચિત્તવૃત્તિ અમૂર્ત છે. નટ પોતાના દેહ ધ્વારા તેને મૂર્ત કરે છે. મનથી ભાવ અનુભવ્યા વિના પણ તાલીમ ધ્વારા નટ કેટલાક ભાવોનું શરીરની વિવિધ ભંગિમાઓ ધ્વારા પ્રત્યાયન સાધી શકે છે પણ સ્વેદ, અશ્રુ, રોમાંચ, પ્રલય, સ્વરભેદ, વિવર્ણ વિગેરે શારીરિક વિક્રિયાઓ એવી છે કે જે મનની સમાહિતિ-મનની સમાધી concentration અને મનથી ભાવ અનુભવ્યા વિના પ્રગટ થઇ શકતી નથી. નટ મનથી દુ:ખી થયા વિના અશ્રુ લાવી શકતો, મુખનો વર્ણ બદલી શકતો નથી અને મનથી સુખી થયા વિના રોમાંચ પ્રગટ કરી શકતો નથી એવું ભરતમુનિનું મંતવ્ય છે જે આધુનિક અભિનયવિચારણા સાથે સામ્ય ધરાવે છે. વાચિક તથા આંગિક અભિનયમાં નટના મનની પૂર્ણ સમાહિતિ એકાંતિક અને અનિવાર્ય મહત્વ ધરાવતી નથી કારણ કે મોટે ભાગે આ અભિનયોમાં અભ્યાસ તથા તાલીમ પર્યાપ્ત ~~નથી કારણ કે મોટે ભાગે આ અભિનયોમાં અભ્યાસ તથા તાલીમ પર્યાપ્ત~~ બની રહે છે. કદાચ આ દૃષ્ટિથીજ 'સત્વ'ના પ્રેરણામૂલક અર્થને આધાર બનાવી ભરતમુનિએ અસંદિગ્ધપણે જણાવ્યું છે કે 'નાટ્યં સત્વે પ્રતિષ્ઠિતમ્ ।'